# Media Coverage

Date : 05/02/2022



## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો રાજ્યના યુવા વિદ્યાર્થીઓના વ્યાપક હિતમાં મહત્વપૂર્ણ નિણર્ય

મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ હવે ધોરણ-૧૦ પછી ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારા અને ડિપ્લોમાથી ડિગ્રીમાં પ્રવેશ મેળવનારા યુવાઓને મળતો થશે

નવગુજરાત સમય

# ડિપ્લોમા, ડીટુડીમાં પ્રવેશ લેનારને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ

» **રાજ્યના યુવા વિદ્યાર્થીઓના વ્યાપક હિતમાં સરકારનો નિર્ણય**

» **વાર્ષિક ₹4.50 લાખ આવક ધરાવતા પરિવારના યુવાઓને આ લાભ મળશે**

**નવગુજરાત સમય** > ગાંધીનગર

રાજ્ય સરકારે, ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં તેજસ્વી અને જરૂરતમંદ યુવા વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના હેઠળ આવરી લેવાનો નિર્ણય કર્યો છે. જે મુજબ, હવેથી ધોરણ ૧૦ પાસ કર્યા પછી ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ તેમજ ડિપ્લોમા પાસ કર્યા પછી ડિગ્રી અભ્યાસક્રમો (ડી ટુ ડી)માં પ્રવેશ મેળવનારા યુવાઓને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મળતો થશે. વધુને વધુ યુવાછાત્રોને આ લાભ મળતો થાય તે આશયથી જ સરકારે, આ શિષ્યવૃત્તિના લાભો વધુ સરળ બનાવ્યા છે.

રાજ્યના શિક્ષણ વિભાગે જારી કરેલા ઠરાવમાં જણાવાયું છે કે, વાર્ષિક ૪.૫૦ લાખસુધીની આવક ધરાવતા પરિવારોના બાળકો-યુવાઓને આ યોજનાનો લાભ મળશે. મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મેળવવા માટેની જે પાત્રતા નિર્ધારિત કરવામાં આવી છે. તે મુજબ (૧) ધોરણ ૧૦ પછી ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારા પાત્રતા પ્રાપ્ત વિદ્યાર્થીને અભ્યાસક્રમ માટે નિયત થયેલી વાર્ષિક ટ્યુશન ફીની ૫૦ ટકા રકમ અથવા રૂ. ૫૦ હજાર બે પૈકી જે ઓછું હોય તેટલી રકમ મંજૂર કરવામાં આવશે (૨) ડિપ્લોમા પાસ કર્યા પછી ડિગ્રી અભ્યાસક્રમો (ડી ટુ ડી) માં પ્રવેશ મેળવનારા પાત્રતા ધરાવતા વિદ્યાર્થીને ઇજનેરી તથા પ્રોફેશનલ કોર્સ માટે ટ્યુશન ફીના ૫૦ ટકા રકમ અથવા રૂ. ૧ લાખ પૈકીની જે ઓછી રકમ હશે તે મળવાપાત્ર થશે.

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અન્વયે શિષ્યવૃત્તિ મેળવનારા લાભાર્થીને આ મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના નીચે પણ લાભ મળવાપાત્ર થશે અર્થાત આ યોજના મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાની પૂરક યોજના સાબિત થશે.

દિવ્ય ભાસ્કર

અત્યાર સુધી ડિગ્રીમાં ભણતા વિદ્યાર્થીઓને જ લાભ મળતો હતો

# હવે ડિપ્લોમા, ડીટુડી વિદ્યાર્થીને પણ સીએમ સ્કોલરશિપ મળશે

ભાસ્કર ન્યૂઝ. ગાંધીનગર

ધો. 10 પછીના ડિપ્લોમા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને તથા ડિપ્લોમાથી ડિગ્રીમાં શિક્ષણ મેળવતા વિદ્યાર્થીને પણ મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ આપવા રાજ્ય સરકારે નિર્ણય લીધો છે. અગાઉ માત્ર ડિગ્રી કરતા વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળતો હતો. મુખ્યમંત્રી શિષ્યવૃતિ યોજનાનો અત્યાર સુધી ધોરણ 12 પછીના ડિગ્રી કોર્સ કરતા વિદ્યાર્થીઓને લાભ મળતો હતો. આ યોજનામાં વિદ્યાર્થીને તેની વાર્ષિક ટ્યૂશન ફીની અડધી રકમ અથવા 50 હજાર જે પૈકી ઓછું હોય તે અપાય છે. યોજનાનો લાભ મેળવવા પરિવારની વાર્ષિક આવક રૂ. 4.50 લાખ હોવી જોઈએ.

## ડિપ્લોમા પ્રવેશમાં ૫૦ હજાર, ડી ટુ ડી માં એક લાખ

# ધો-૧૦ પછી ડિપ્લોમામાં જનાર વિદ્યાર્થીને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મળશે

ગાંધીનગર, શુક્રવાર

રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં તેજસ્વી વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જે પરિવારની વાર્ષિક આવક ૪.૫૦ લાખ રૂપિયા હશે તેમના વિદ્યાર્થીઓને આ લાભ મળી શકશે.

## વાર્ષિક ૪.૫૦ લાખની આવક ધરાવતા પરિવારના વિદ્યાર્થીઓના હિતમાં લેવાયેલો નિર્ણય

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરેલા નિર્ણય અનુસાર હવે ધોરણ-૧૦ પાસ કર્યા પછી ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ તેમજ ડિપ્લોમા પાસ કર્યા પછી ડિગ્રી અભ્યાસક્રમો (ડી ટુ ડી)માં પ્રવેશ મેળવનારા યુવાઓને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મળતો થશે.

શિક્ષણ વિભાગે આ અંગે જારી કરેલા ઠરાવમાં જણાવાયું છે કે, વાર્ષિક ૪.૫૦ લાખ સુધીની આવક ધરાવતા પરિવારોના બાળકો-યુવાઓને આ યોજનાનો લાભ મળશે. આ યોજનાનો લાભ મેળવવા માટેની જે પાત્રતા નિર્ધારીત કરવામાં આવી છે તે મુજબ ધોરણ-૧૦ પછી ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારા પાત્રતા પ્રાપ્ત વિદ્યાર્થીને અભ્યાસક્રમ માટે નિયત થયેલ વાર્ષિક ટ્યુશન ફીની ૫૦ ટકા રકમ અથવા ૫૦,૦૦૦ રૂપિયા બે પૈકી જે ઓછું હોય તેટલી રકમ મંજૂર કરવામાં આવશે. ડિપ્લોમા પાસ કર્યા પછી ડિગ્રી અભ્યાસક્રમો (ડી ટુ ડી)માં પ્રવેશ મેળવનારા પાત્રતા ધરાવતા વિદ્યાર્થીને ઈજનેરી તથા પ્રોફેશનલ કોર્સ માટે ટ્યુશન ફીના ૫૦ ટકા રકમ અથવા ૧,૦૦,૦૦૦ રૂપિયા પૈકીની જે ઓછી રકમ હશે તે મળવાપાત્ર થશે. એટલું જ નહિ, મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અન્વયે શિષ્યવૃત્તિ મેળવનારા લાભાર્થીને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના નીચે પણ લાભ મળવાપાત્ર થશે.

ગુજરાત ગાર્ડિયન

# ધો.૧૦ પછી ડિપ્લોમા અને ડિપ્લોમાથી ડિગ્રીમાં પ્રવેશ મેળવનારાઓને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિનો લાભ મળશે

**અમદાવાદ, તા.૪**

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા તેજસ્વી અને જરૂરતમંદ યુવા વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનામાં આવરી લેવાનો યુવા હિતકારી નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીએ કરેલા આ નિર્ણય અનુસાર હવે ધોરણ ૧૦ પાસ કર્યા પછી ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ તેમજ ડિપ્લોમા પાસ કર્યા પછી ડિગ્રી અભ્યાસક્રમો (ડી ટુ ડી) માં પ્રવેશ મેળવનારા યુવાઓને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મળતો થશે.

મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ વધુને વધુ યુવાછાત્રોને મળે તે માટે શ્રી ભૂપેન્દ્ર પટેલે આ યોજના અંતર્ગત શિષ્યવૃત્તિના લાભ વધુ સરળ બનાવ્યા છે.

રાજ્યના શિક્ષણ વિભાગે આ અંગે જારી કરેલા ઠરાવમાં જણાવાયું છે કે, વાર્ષિક ૪.૫૦ લાખ સુધીની આવક ધરાવતા પરિવારોના બાળકો-યુવાઓને આ યોજનાનો લાભ મળશે.

મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મેળવવા માટેની જે પાત્રતા નિર્ધારીત કરવામાં આવી છે તે મુજબ ધોરણ ૧૦ પછી ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારા પાત્રતા પ્રાપ્ત વિદ્યાર્થીને અભ્યાસક્રમ માટે નિયત થયેલ વાર્ષિક ટ્યુશન ફી ની ૫૦ ટકા રકમ અથવા રૂ. ૫૦ હજાર બે પૈકી જે ઓછું હોય તેટલી રકમ મંજૂર કરવામાં આવશે.

ડિપ્લોમા પાસ કર્યા પછી ડિગ્રી અભ્યાસક્રમો (ડી ટુ ડી) માં પ્રવેશ મેળવનારા પાત્રતા ધરાવતા વિદ્યાર્થીને ઇજનેરી તથા પ્રોફેશનલ કોર્સ માટે ટ્યુશન ફી ના ૫૦ ટકા રકમ અથવા રૂ. ૧ લાખ પૈકીની જે ઓછી રકમ હશે તે મળવાપાત્ર થશે.

એટલું જ નહિ મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અન્વયે શિષ્યવૃત્તિ મેળવનારા લાભાર્થીને આ મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના નીચે પણ લાભ મળવાપાત્ર થશે. એટલે કે આ યોજના મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાની પૂરક યોજના બનશે.

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો વિદ્યાર્થીઓના વ્યાપક હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય:વાર્ષિક ૪.૫૦ લાખ આવક ધરાવતા પરિવારના યુવાઓને લાભ મળશે: મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાની પૂરક યોજના-મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના**

જય હિન્દ

### મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ હવે ધોરણ ૧૦ પછી

# ડિપ્લોમાં અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારા અને ડિગ્રીમાં પ્રવેશ મેળવનારા યુવાનોને મળશે

**ગાંધીનગર: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં તેજસ્વી અને જરૂરતમંદ યુવા વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનામાં આવરી લેવાનો યુવા હિતકારી નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીએ કરેલા આ નિર્ણય અનુસાર હવે ધોરણ ૧૦ પાસ કર્યા પછી ડિપ્લોમાં અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ તેમજ ડિપ્લોમાં પાસ કર્યા પછી ડિગ્રી અભ્યાસક્રમો (ડી ટુ ડી)માં પ્રવેશ મેળવનારા યુવાનોને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મળતો થશે.**

## મુખ્યમંત્રીનો યુવા વિદ્યાર્થીઓના વ્યાપક હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય; વાર્ષિક રૂા.૪.૫૦ લાખ આવક ધરાવતા પરિવારના યુવાનોને મળશે લાભ

મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ વધુને વધુ યુવા છાત્રોને મળે તે માટે ભૂપેન્દ્ર પટેલે આ યોજના અંતર્ગત શિષ્યવૃત્તિના લાભ વધુ સરળ બનાવ્યા છે. રાજ્યના શિક્ષણ વિભાગે આ અંગે જારી કરેલા ઠરાવમાં જણાવાયું છે કે, વાર્ષિક ૪.૫૦ લાખ સુધીની આવક ધરાવતા પરિવારોના બાળકો-યુવાનોને આ યોજનાનો લાભ મળશે.

મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મેળવવા માટેની જે પાત્રતા નિર્ધારીત કરવામાં આવી છે તે મુજબ ધોરણ ૧૦ પછી ડિપ્લોમાં અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારા પાત્રતા પ્રાપ્ત વિદ્યાર્થીને અભ્યાસક્રમ માટે નિયત થયેલ વાર્ષિક ટ્યુશન ફીની ૫૦ ટકા રકમ અથવા રૂા.૫૦ હજાર બે પૈકી જે ઓછું હોય તેટલી રકમ મંજુર કરવામાં આવશે.

ડિપ્લોમાં પાસ કર્યા પછી ડિગ્રી અભ્યાસક્રમો (ડી ટુ ડી)માં પ્રવેશ મેળવનારા પાત્રતા ધરાવતા વિદ્યાર્થીને ઇજનેરી તથા પ્રોફેશનલ કોર્સ માટે ટ્યુશન ફીના ૫૦ ટકા રકમ અથવા રૂા.૧ લાખ પૈકીની જે ઓછી રકમ હશે તે મળવા પાત્ર થશે. એટલું જ નહીં, મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અન્વયે શિષ્યવૃત્તિ મેળવનારા લાભાર્થીને આ મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના નીચે પણ લાભ મળવાપાત્ર થશે. એટલે કે આ યોજના મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાની પૂરક યોજના બનશે.

# વિદ્યાર્થીને ભણવા રૂપિયા ખિસ્સામાંથી કાઢવા નહી પડે

મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ હવે ધોરણ-૧૦ પછી ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારા અને ડિપ્લોમાથી ડિગ્રીમાં પ્રવેશ મેળવનારા યુવાઓને મળતો થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો રાજ્યના યુવા વિદ્યાર્થીઓના વ્યાપક હિતમાં મહત્વપૂર્ણ નિણર્ય લીધો હતો. વાર્ષિક રૂ. ૪.૫૦ લાખ આવક ધરાવતા પરિવારના યુવાઓને લાભ મળશે. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાની પૂરક યોજના-મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના સાબિત થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયમાં ઉચ્ચ શિક્ષણ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા તેજસ્વી અને જરૂરતમંદ યુવા વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનામાં આવરી લેવાનો યુવા હિતકારી નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીએ કરેલા આ નિર્ણય અનુસાર હવે ધોરણ ૧૦ પાસ કર્યા પછી ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ તેમજ ડિપ્લોમા પાસ કર્યા પછી ડિગ્રી અભ્યાસક્રમો (ડી ટુ ડી)માં પ્રવેશ મેળવનારા યુવાઓને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મળતો થશે.

કચ્છ મિત્ર

# મુખ્યમંત્રી શિષ્યવૃત્તિનો લાભ હવે ડિપ્લોમાના વિદ્યાર્થીઓ અને ડિગ્રીધારકોને મળશે

અમદાવાદ, તા. ૪ (અમારા પ્રતિનિધિ તરફથી) : રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા તેજસ્વી અને જરૂરતમંદ યુવા વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનામાં આવરી લેવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય અનુસાર હવે ધોરણ ૧૦ પાસ કર્યા પછી ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ તેમજ ડિપ્લોમા પાસ કર્યા પછી ડિગ્રી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનારા યુવાઓને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મળતો થશે.

## વાર્ષિક રૂ. ૪.૫૦ લાખ આવક ધરાવતા પરિવારના યુવાઓને મળશે લાભ

મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ વધુને વધુ યુવાછાત્રોને મળે તે માટે શ્રી ભૂપેન્દ્ર પટેલે આ યોજના અંતર્ગત શિષ્યવૃત્તિના લાભ વધુ સરળ બનાવ્યા છે. રાજ્યના શિક્ષણ વિભાગે આ અંગે જારી કરેલા ઠરાવમાં જણાવાયું છે કે, વાર્ષિક ૪.૫૦ લાખ સુધીની આવક ધરાવતા પરિવારોના બાળકો-યુવાઓને આ યોજનાનો લાભ મળશે.

મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મેળવવા માટેની જે પાત્રતા નિર્ધારીત કરવામાં આવી છે તે મુજબ ધોરણ ૧૦ પછી ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારા પાત્રતા પ્રાપ્ત વિદ્યાર્થીને અભ્યાસક્રમ માટે નિયત થયેલ વાર્ષિક ટ્યુશન ફી ની ૫૦ ટકા રકમ અથવા રૂ. ૫૦ હજાર બે પૈકી જે ઓછું હોય તેટલી રકમ મંજૂર કરવામાં આવશે.

**ફૂલછાબ**

# ધો.10 પછી ડિપ્લોમા, ડિગ્રી માટે પણ શિષ્યવૃત્તિ

**રાજ્યમાં મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો વિસ્તાર :** વાર્ષિક રૂ.4.50 લાખની આવક ધરાવતા પરિવારના યુવાઓ પણ આ યોજનાના લાભાર્થી

અમદાવાદ, તા.૪: રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા તેજસ્વી અને જરૂરતમંદ યુવા વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનામાં આવરી લેવાનો યુવા હિતકારી નિર્ણય કર્યો છે. આ નિર્ણય અનુસાર હવે ધોરણ ૧૦ પાસ કર્યા પછી ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ તેમજ ડિપ્લોમા પાસ



કર્યા પછી ડિગ્રી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનારા યુવાઓને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મળતો થશે.

મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ વધુને વધુ યુવા છાત્રોને મળે તે માટે ભૂપેન્દ્ર પટેલે આ યોજના અંતર્ગત શિષ્યવૃત્તિના લાભ વધુ સરળ બનાવ્યા છે. રાજ્યના શિક્ષણ વિભાગે આ અંગે જારી કરેલા ઠરાવમાં જણાવાયું છે કે, વાર્ષિક ૪.૫૦ લાખ સુધીની આવક ધરાવતા પરિવારોના બાળકો-યુવાઓને આ યોજનાનો લાભ મળશે. મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મેળવવા માટેની જે પાત્રતા નિર્ધારીત કરવામાં આવી છે. તે મુજબ ધોરણ ૧૦ પછી ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારા પાત્રતા પ્રાપ્ત વિદ્યાર્થીને અભ્યાસક્રમ માટે નિયત થયેલ વાર્ષિક ટ્યુશન ફી ની ૫૦ ટકા રકમ અથવા રૂ.૫૦ હજાર બે પૈકી જે ઓછું હોય તેટલી રકમ મંજૂર કરવામાં આવશે.

ડિપ્લોમાં પાસ કર્યા પછી ડિગ્રી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનારા પાત્રતા ધરાવતા વિદ્યાર્થીને ઈજનેરી તથા પ્રોફેશનલ કોર્સ માટે **(જુઓ પાનું ૧૦)**

Indian Express

IN POLL YEAR

# Govt announces new scholarship for higher education

EXPRESS NEWS SERVICE
AHMEDABAD, FEBRUARY 4

THE GUJARAT government Friday announced the Chief Minister Scholarship Scheme (CMSS), a financial assistance programme for students pursuing higher education.

The beneficiaries will also be eligible for the existing Mukhyamantri Yuva Swavalamban Yojana (MYSY). "This means that the (new) scheme will be a supplementary scheme of MYSY," stated an official release from the state government.

Students getting admission for diploma courses after class 10 as well as those being inducted into degree courses (D to D) after diploma are eligible for CMSS.

The scheme applies to students with an annual family income of up to Rs 4.50 lakh. Eligible students who get admission in diploma course after class 10 will get the assistance at 50 per cent of the fixed annual tuition fee or Rs 50,000, whichever is lower. On the other hand, eligible undergraduate students after a diploma will get 50 per cent of the tuition fee for engineering and professional courses or Rs 1 lakh, whichever is lower.

Currently, students who have secured 80 percentile marks in classes 10 or 12 qualify for MYSY. The state government pays 50 per cent of the fee, up to a maximum of Rs 2 lakh per year, for undergraduate students of medicine in self-financed and government medical colleges, while students of dental sciences, homoeopathy, nursing and physiotherapy get 50 per cent fee waiver or assistance of Rs 2 lakh, whichever is lower.

Also, students of diploma and those in engineering, science, arts, commerce and education courses in self-financed colleges will get a 50 per cent fee waiver or annual assistance of Rs 10,000, whichever is lower, in addition to the annual assistance of Rs 25,000 or 50 per cent fee waiver.

MYSY scheme, which came into existence in 2015 during the Anandiben Patel government with a corpus of Rs 1,000 crore, has disbursed over Rs 1,100 crore so far. The scheme was launched in response to the Patidar agitation for reservation in college education and government jobs.